663

૯-૧૩૭ થી ૯૧૨૦

# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો અનુદાન ફંડનો અન્વેષણ અહેવાલ.

— સ્થળપ્રત —

# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો અનુદાન ફંડનો અન્વેષણ અહેવાલની અનુક્રમણીકા



| અ.નં. | ફકરા નંબર | વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | સંસ્થાના હોદ્દેદારોની વિગત | ૧ |
| ૨ | ૨ | પુર્વ અન્વેષણ વિભાગ | ૨ |
| ૩ | ૩ | યુ. જી. સી. ભારત સરકાર તથા રાજ્ય સરકાર તેમજ અન્ય ગ્રાન્ટ લાંબા સમયથી માયનસ સિલક તથા જમા સિલક રહેવા બાબત. | ૫ |
| ૪ | ૪ | નિભાવ ગ્રાન્ટ બાબત. | ૭ |
| ૫ | ૫ | ગ્રાન્ટ રજિસ્ટર અને વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ ગ્રાન્ટની સિલકોમાં તફાવત બાબત. | ૮ |
| ૬ | ૬ | શિષ્યવૃત્તિમાં ફાળવેલ રકમ કરતાં વધુ ચુકવણુ કરવા બાબત. | ૧૦ |
| ૭ | ૭(અ) | અગાઉના વર્ષોની પડતર સ્કોલરશીપની રકમ ન ચુકવવા બાબત. | ૧૧ |
| ૮ | ૭(બ) | વણવપરાયેલ સ્કોલરશીપ ઘણા લાંબા સમયથી પડી રહેવા બાબત તેમજ તેના ચુકવણામાં જણાયેલી અનિયમિતતા બાબત. | ૧૩ |
| ૯ | ૮ | રાજ્ય સરકાર યુ. જી. સી. કેન્દ્ર સરકાર તથા અન્ય ગ્રાન્ટો વણવપરાયેલ પડી રહેવા બાબત. | ૧૫ |
| ૧૦ | ૧ થી ૩ | પ્રમાણપત્રો | ૧૭ |
| ૧૧ | | પત્રકો | ૧૯ |

ફકરા નં. ૧

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો અનુદાન ફંડનો અન્વેષણ અહેવાલ.

---

નંબર:એલ/એ.એમ.ડી/ગુ.યુનિ./અનુદાન/૨૦૦૯-૧૦

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ, છઠ્ઠો માળ,
જિલ્લા પંચાયત ભવન, લાલ દરવાજા,
અમદાવાદ – ૩૮૦૦૦૧
તા.

પ્રેષક,
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
વિમા અને લેખા ભવન, સેકટર – ૧૦ બી.,
ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

પ્રતિશ્રી,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષનું અનુદાન ફંડના હિસાબોનું અન્વેષણ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ – ૧૯૪૯ ના નિયમ (૪૯) અન્વયે તા. ૨-૧૨-૧૩ થી તા.૨-૪-૧૪ દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ હતું. ગુજરાત યુનિવર્સિટી એકટ – ૧૯૪૯ ની કલમ ૪૯ ની જોગવાઇ મુજબ ઓડીટ રીપોર્ટની નકલ કાર્યવાહક સભા દ્વારા સેનેટમાં રજુ કરવાના રહે છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતા.

| અ. નં. | હોદ્દેદારો | હોદ્દેદારનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૧. | કુલપતિશ્રી | ડો. પરિમલ એચ. ત્રિવેદી | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |
| ૨ | ઉપકુલપતિશ્રી | --- | --- |
| ૩ | કુલ સચિવશ્રી | ડો. એમ. એસ. શાહ | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |

ફકરા નં. ૨

પુર્વ ઓડિટ

ભાગ – ૧

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના અનુદાનના અન્વેષણ અહેવાલના અગાઉના વર્ષોના ફકરાઓના જવાબ નહીં કરવાને પરિણામે ઓડિટ પુર્ણ થતાં સુધીમાં નીચેની વિગતે ફકરાઓ બાકી રહેવા પામેલ છે.

| અ. નં. | અન્વેષણ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરાઓ | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરાઓ | અન્વેષણ પુર્ણ થયા તારીખે બાકી ફકરાઓ | ફકરાઓની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૭૦-૭૧ | ૧ | -- | ૧ | ૮(૪) |
| ૨ | ૧૯૭૧-૭૨ | ૪ | -- | ૪ | ૧૦. ૧૧. ૧૨. ૧૪ |
| 3 | ૧૯૭૨ -૭3 | ૪ | -- | ૪ | ૮(અ). ૧૫. ૮(સી). 3(ડી). ૧૯(સી) |
| ૪ | ૧૯૭3-૭૪ | ૫ | -- | ૫ | ૫(બી). ૯(અ)(બ). ૧૪. ૧૭(૨). ૨૫. ૧૯ |
| ૫ | ૧૯૭૪-૭૫ | ૮ | -- | ૮ | ૪(એસ)(આઇ). ૮(બી). ૭(બી)(સી). ૧3. ૧૪. ૧૫. ૨૧. ૨3 |
| ૬ | ૧૯૭૫-૭૬ | 3 | -- | 3 | ૬(૧)(૨)(૪). ૧૦(અ)(બ). ૧૨ |
| ૭ | ૧૯૭૬-૭૭ | ૮ | -- | ૮ | 3(૪). ૪(૪). ૫(૨). ૬(૨) થી (૧૨). ૧૬. ૧૭ (૨ થી ૬). ૧૮. ૨૦(૮) |
| ૮ | ૧૯૭૭-૭૮ | ૨૧ | -- | ૨૧ | ૪. ૫. ૭(૧)(3)(૪). ૯ થી ૧૪. ૧૬ થી ૧૯. ૨૧. ૨3. ૨૪. ૨૭(બ). ૨૮(અ)(બ). |

667

**ફકરા નં. ૧**

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો અનુદાન ફંડનો અન્વેષણ અહેવાલ.

---

નંબરઃએલ/એ.એમ.ડી/ગુ.યુનિ./અનુદાન/૨૦૦૯-૧૦

જિલ્લા સહાયક નિરીક્ષકની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ, છઠો માળ,
જિલ્લા પંચાયત ભવન, લાલ દરવાજા,
અમદાવાદ – ૩૮૦૦૦૧
તા.

**પ્રેષક,**
**નિરીક્ષકશ્રી,**
**સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,**
**વિમા અને લેખા ભવન, સેકટર – ૧૦ બી.,**
**ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**

પ્રતિશ્રી,
કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષનું અનુદાન ફંડના હિસાબોનું અન્વેષણ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા ગુજરાત યુનિવર્સિટી એકટ – ૧૯૪૯ ના નિયમ (૪૯) અન્વયે તા. ૨-૧૨-૧૩ થી તા.૨-૪-૧૪ દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ હતું. ગુજરાત યુનિવર્સિટી એકટ – ૧૯૪૯ ની કલમ ૪૯ ની જોગવાઇ મુજબ ઓડીટ રીપોર્ટની નકલ કાર્યવાહક સભા દ્વારા સેનેટમાં રજુ કરવાના રહે છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતા.

| અ. નં. | હોદ્દેદારો | હોદ્દેદારનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૧. | કુલપતિશ્રી | ડો. પરિમલ એચ. ત્રિવેદી | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |
| ૨ | ઉપકુલપતિશ્રી | --- | --- |
| ૩ | કુલ સચિવશ્રી | ડો. એમ. એસ. શાહ | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |

ફકરા નં. ૨

પુર્વ ઓડિટ

ભાગ – ૧

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના અનુદાનના અન્વેષણ અહેવાલના અગાઉના વર્ષોના ફકરાઓનાં જવાબ નહીં કરવાને પરિણામે ઓડિટ પુર્ણ થતાં સુધીમાં નીચેની વિગતે ફકરાઓ બાકી રહેવા પામેલ છે.

| અ. નં. | અન્વેષણ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરાઓ | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરાઓ | અન્વેષણ પુર્ણ થયા તારીખે બાકી ફકરાઓ | ફકરાઓની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૭૦-૭૧ | ૧ | -- | ૧ | ૮(૪) |
| ૨ | ૧૯૭૧-૭૨ | ૪ | -- | ૪ | ૧૦, ૧૧, ૧૨, ૧૪ |
| ૩ | ૧૯૭૨ -૭૩ | ૪ | -- | ૪ | ૮(અ), ૧૫, ૮(સી), ૩(ડી), ૧૯(સી) |
| ૪ | ૧૯૭૩-૭૪ | ૫ | -- | ૫ | ૫(બી), ૯(અ)(બ), ૧૪, ૧૭(૨), ૨૫, ૧૯ |
| ૫ | ૧૯૭૪-૭૫ | ૮ | -- | ૮ | ૪(એસ)(આઇ), ૮(બી), ૭(બી)(સી), ૧૩, ૧૪, ૧૫, ૨૧, ૨૩ |
| ૬ | ૧૯૭૫-૭૬ | ૩ | -- | ૩ | ૬(૧)(૨)(૪), ૧૦(અ)(બ), ૧૨ |
| ૭ | ૧૯૭૬-૭૭ | ૮ | -- | ૮ | ૩(૪), ૪(૪), ૫(૨), ૬(૨) થી (૧૨), ૧૬, ૧૭ (૨ થી ૬), ૧૮, ૨૦(૮) |
| ૮ | ૧૯૭૭-૭૮ | ૨૧ | -- | ૨૧ | ૪, ૫, ૭(૧)(૩)(૪), ૯ થી ૧૪, ૧૬ થી ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૭(બ), ૨૮(અ)(બ), ૨૯ થી ૩૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૯૭૮-૭૯ | ૧૩ | -- | ૧૩ | ૩(અ), ૬, ૭(૧)(૨), ૮, ૧૧, ૧૨(૨), ૧૩(૧), ૧૪, ૧૫(અ)(૧)(૨), ૨૧(૨), ૨૭, ૨૯, ૩૦ |
| ૧૦ | ૧૯૭૯-૮૦ | ૧૫ | -- | ૧૫ | ૩ થી ૮, ૯(૬), ૧૦, ૧૧(૬), ૧૨ થી ૧૭ |
| ૧૧ | ૧૯૮૦-૮૧ | ૧૪ | -- | ૧૪ | ૩ થી ૫, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ થી ૧૯ |
| ૧૨ | ૧૯૮૧-૮૨ | ૨૩ | -- | ૨૩ | ૨(અ), ૩, ૫ થી ૨૫ |
| ૧૩ | ૧૯૮૨-૮૩ | ૧૯ | -- | ૧૯ | ૧ થી ૧૯ |
| ૧૪ | ૧૯૮૩-૮૪ | ૩૧ | -- | ૩૧ | ૧ થી ૩૧ |
| ૧૫ | ૧૯૮૪-૮૫ | ૩૩ | -- | ૩૩ | ૧ થી ૩૩ |
| ૧૬ | ૧૯૮૫-૮૬ | ૩૫ | -- | ૩૫ | ૧ થી ૩૫ |
| ૧૭ | ૧૯૮૬-૮૭ | ૩૨ | -- | ૩૨ | ૧ થી ૩૨ |
| ૧૮ | ૧૯૮૭-૮૮ | ૪૫ | -- | ૪૫ | ૧, ૨(૧)(૨)(૩)(૫)(૬), ૩ થી ૮, ૯(૨) થી (૫), ૧૦ થી ૧૭, ૧૮(૧) થી (૪), ૫(એ)(બી), ૬, ૧૯ થી ૩૨, ૩૩(૧ થી ૭), ૩૪(૧)(૩) થી (૬), ૩૫ થી ૪૪, ૪૫(૨)(૩)(૪) |
| ૧૯ | ૧૯૮૮-૮૯ | ૫૬ | -- | ૫૬ | ૧ થી ૬, ૭(૧) થી (૬)(૮)(૯)(૧૦), ૮ થી ૧૨, ૧૩ થી ૪૫, ૪૭ થી ૫૦ (અ), ૫૧ થી ૫૭ |
| ૨૦ | ૧૯૮૯-૯૦ | ૪૮ | -- | ૪૮ | ૧ થી ૪૮ |
| ૨૧ | ૧૯૯૦-૯૧ | ૬૧ | -- | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૨ | ૧૯૯૧-૯૨ | ૨૨ | -- | ૨૨ | ૧ થી ૨૨ |
| ૨૩ | ૧૯૯૨-૯૩ | ૩૧ | -- | ૩૧ | ૧ થી ૩૧ |
| ૨૪ | ૧૯૯૩-૯૪ | ૩૩ | -- | ૩૩ | ૧ થી ૩૩ |
| ૨૫ | ૧૯૯૪-૯૫ | ૪૧ | -- | ૪૧ | ૧ થી ૪૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬ | ૧૯૯૫-૯૬ | ૨૩ | -- | ૨૩ | ૧ થી ૨૩ |
| ૨૭ | ૧૯૯૬-૯૭ | ૩૬ | -- | ૩૬ | ૧ થી ૩૬ |
| ૨૮ | ૧૯૯૭-૯૮ | ૧૭ | -- | ૧૭ | ૧ થી ૧૭ |
| ૨૯ | ૧૯૯૮-૯૯ | ૨૦ | -- | ૨૦ | ૧ થી ૨૦ |
| ૩૦ | ૧૯૯૯-૨૦૦૦ | ૨૧ | -- | ૨૧ | ૧ થી ૨૧ |
| ૩૧ | ૨૦૦૦-૨૦૦૧ | ૨૨ | -- | ૨૨ | ૧ થી ૨૨ |
| ૩૨ | ૨૦૦૧-૨૦૦૨ | ૩૦ | -- | ૩૦ | ૧ થી ૩૦ |
| ૩૩ | ૨૦૦૨-૨૦૦૩ | ૧૯ | -- | ૧૯ | ૧ થી ૧૯ |
| ૩૪ | ૨૦૦૩-૨૦૦૪ | ૧૪ | -- | ૧૪ | ૧ થી ૧૪ |
| ૩૫ | ૨૦૦૪-૨૦૦૫ | ૧૯ | -- | ૧૯ | ૧ થી ૧૯ |
| ૩૬ | ૨૦૦૫-૨૦૦૬ | ૨૦ | -- | ૨૦ | ૧ થી ૨૦ |
| ૩૭ | ૨૦૦૬-૨૦૦૭ | ૬ | -- | ૬ | ૧ થી ૬ |
| ૩૮ | ૨૦૦૭-૦૮ | ૯ | -- | ૯ | ૧ થી ૯ |
| ૩૯ | ૨૦૦૮-૦૯ | ૯ | -- | ૯ | ૧ થી ૯ |
| કુલ | | ૮૭૧ | - | ૮૭૧ | |

આમ, ઉપરની વિગતે શરૂઆતમાં કુલ ૮૭૧ ઓડિટ ફકરાઓ બાકીમાં હતા. જે પૈકી ૬૬૫ ફકરાઓ દસ વર્ષથી વધારે સમયના બાકીમાં છે. ઓડિટ દરમ્યાન એક પણ ફકરાનો જવાબ રજુ નહિ થવાને પરિણામે બાકી ફકરાઓની સંખ્યા યથાવત એટલે કે ૮૭૧ રહેલ છે. ૧૯૮૭ – ૮૮ ના વર્ષથી તમામ ઓડિટ ફકરાઓ પૈકી એકપણ ઓડિટ ફકરાના નિકાલ પરત્વે યુનિવર્સિટી દ્વારા કોઇ કાર્યવાહી નહિ કરતાં ઓડિટ ફકરાઓના નિકાલ તરફ દુર્લક્ષ સેવાની બાબત સંસ્થા દ્વારા હળવાશથી લેવાઇ રહી છે. જે અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ અનિયમિતતા ઉપર જવાબ રજુ ન થવાના કારણે સંસ્થા દ્વારા સુધારાત્મક પગલા લેવાય છે કે કેમ? તે સ્પષ્ટત થતું નથી અને નાણાકીય અનિયમિતતા થવાના અને વધવાની શક્યતાઓ પણ જણાય છે.

**ફકરા નં. 3**

યુ. જી. સી., ભારત સરકાર તથા રાજય સરકાર તેમજ અન્ય ગ્રાંન્ટ લાંબા સમયથી માયનસ સિલક તથા જમા સિલક રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં પત્રકમાં દર્શાવ્યા મુજબની ગ્રાન્ટો જમા ઉધાર સિલક રહેલ છે.

| અ. નં. | કોની પાસેથી ગ્રાન્ટ મળી | યોજનાઓની સંખ્યા | જમા સિલક રૂ. | ઉધાર સિલક રૂ. |
|---|---|---|---|---|
| ૧ | રાજય સરકાર | ૧૧૭ | ૧૭૨૦૩૭૭૦૧.૫૦ | ૮૭૫૬૮૧૪.૦૦ |
| ૨ | ભારત સરકાર | ૪૪ | ૫૧૭૬૯૪૬.૫૦ | ૩૩૮૩૭૦૪.૦૦ |
| ૩ | જી. યુ. સી. | ૧૩૯ | ૫૩૯૦૭૫૩૬.૦૨ | ૫૩૯૦૭૫૩૬.૦૨ |
| ૪ | અન્ય ગ્રાન્ટ | ૫૩ | ૧૨૩૮૦૩૧.૯૩ | ૧૨૩૮૦૩૧.૯૩ |
| | કુલ | ૩૫૩ | ૨૩૨૩૩૬૦૨૧૫.૯૫ | ૬૭૨૮૬૦૮૫.૯૫ |

આમ નાણાંકીય વર્ષના અંતે સને ૨૦૦૯-૧૦ દરમ્યાન યોજનાઓના રૂ.૨૩૨૩૩૬૦૨૧૫.૯૫ જમા સિલક છે અને રૂ.૬૭૨૮૬૦૮૫.૯૫ ઉધાર સિલક રહેવા પામેલ છે. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સામાન્ય રીતે પ્લાન યોજનાઓ સિવાયની તમામ યોજનાઓમાં જે તે વર્ષમાં મળેલ ગ્રાન્ટ જે તે વર્ષમાં જ ખર્ચ કરવાની અને જે તે વર્ષમાં ખર્ચ ન થાય તો પરત કરવાની જોગવાઇ થયેલ છે. તેમ છતાં ઉપર દર્શાવ્યા મુજબ સને ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂ.૨૩૨૩૩૬૦૨૧૫.૯૫ રકમ વણવપરાયેલ ગ્રાન્ટ તરીકે આગળ ખેંચવામાં આવેલ છે. તેનો અર્થ એવો થાય કે વર્ષોવર્ષ મળેલ ગ્રાન્ટ પૈકી જે તે વર્ષમાં વાપરવામાં આવેલ નથી. કે જે તે ગ્રાન્ટ આપનારને પરત કરવામાં આવેલ નથી. આવેલ ગ્રાન્ટનો ફક્ત ૨૮.૯૫ ટકા વપરાશ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ઉપર દર્શાવ્યા મુજબ સને ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂ.૬૭૨૮૬૦૮૫.૯૫ જેટલી ગ્રાન્ટ મળેલ ન હોવા છતાં ખર્ચ કરી વાર્ષિક હિસાબોમાં ગ્રાન્ટના ખર્ચ તરીકે ઉધારવામાં આવેલ છે. આટલી મોટી રકમ ગ્રાન્ટ મળેલ ન હોવા છતાં ખર્ચ કરવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

આમ, મળેલ ગ્રાન્ટ કરતા વધુ કરેલ ખર્ચની રકમની ગ્રાન્ટ ન મેળવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે અને વધુ થયેલ ખર્ચની રકમની ગ્રાન્ટ અગ્રતાના ધોરણે મેળવવા પ્રયાસો કરવા તથા માઇનસ સિલકની ગ્રાન્ટ મેળવવી અન્યથા ગ્રાન્ટ કરતાં વધુ ખર્ચ કરનાર જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

માયનસ સિલકની ગ્રાન્ટ સમયસર ન મેળવવાને કારણે તેટલી રકમનો અન્ય શૈક્ષણિક યોજનાઓના વિકાસના કામોમાં ઉપયોગ કરવામાં નિવારી શકાય એવો વિલંબ થવા પામેલ છે.

ઉપરોકત વિગતે સ્પષ્ટતા સહ પુર્તતા થવા તથા ઉપરોકત ગ્રાન્ટોની છેલ્લી પરિસ્થિતિની વિગતો ઓડિટે રજુ થયેલ નથી. જેને કારણે યોગ્ય ચકાસણી થઇ શકેલ નથી.

પ્રા. વા. નં. ૬૭, તા. ૧૬-૧-૨૦૧૪ નો કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી કારણ કે સંસ્થા દ્વારા હવે પછી આ બાબતને ધ્યાને લઇશુ તેમ જણાવેલ છે.

673

**ફકરા નં. ૪**

નિભાવ ગ્રાન્ટ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન ગ્રાન્ટ રજિસ્ટર તથા સાધનિક દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટીને ગુજરાત સરકાર દ્વારા જુદા – જુદા હપ્તાઓમાં રૂ.૧૬,૨૦,૦૦,૦૦૦/- ની નિભાવ ગ્રાન્ટ મળેલ હતી. સદર નિભાવ ગ્રાન્ટ સામે કરેલ ખર્ચ અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત સરકાર દ્વારા ઉપરોકત વિગતે અન્વેષણ સમય દરમ્યાન કુલ રૂ.૧૬,૨૦,૦૦,૦૦૦/- ફાળવવામાં આવેલ હતા. સરકારશ્રીના ફાળવેલ ગ્રાન્ટના હુકમની શરત નં. ૧૦ મુજબ યુનિવર્સિટીએ અમાન્ય ખર્ચ ન થાય તે રીતે કરકસરના નિયમોનું પાલન કરવાનું ઠરાવેલ હતુ તેમ છતાં સંસ્થાએ બિન શૈક્ષણિક કર્મચારીઓને પરીક્ષા ભથ્થા પેટે રૂ.૧૭૪૩૨૫૦.૫૬ પૈસાનો ખર્ચ કરેલ હતો. તેજ પ્રમાણે રૂ.૧૪,૮૮,૫૬૦.૮૮ નો ઓવર ટાઇમ ભથ્થાનો ખર્ચ કરેલ હતો.

જે અંગે જવાબદારીની સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સંસ્થાને ફાળવેલ ગ્રાન્ટના હુકમની શરત નં. ૧ માં જણાવ્યા મુજબ શિક્ષણ વિભાગ તથા નાણાં વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ પગાર – ભથ્થાઓ સિવાય અન્ય કોઇ ભથ્થા ચુકવી શકાય નહિ તેમ છતાં યુનિવર્સિટી દ્વારા વર્ષ દરમ્યાન પરીક્ષા ભથ્થુ તેમજ ઓવર ટાઇમ ભથ્થુ જેવા ભથ્થાઓનો ખર્ચ કરેલ છે જે અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોકત હકીકતો જોતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ નિભાવ ગ્રાન્ટ અંગેની શરતોનું સંસ્થા દ્વારા પાલન કરવામાં આવેલ નથી અને આ પ્રકારના ખર્ચા ચાલુ રાખવામાં આવેલ છે જેને કારણે યુનિવર્સિટીની ખાધ વર્ષે વર્ષ વધતી જાય છે. જે ન બને તે માટે ઘટતાં પગલાં લઇ ઘટતી કાર્યવાહી કરવા ઓડિટ અનુરોધ છે.

પ્રા. વાં. નં. ૫૧, તા.૩-૧-૧૪ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

અમાન્ય ખર્ચ રૂ. ૩૨,૩૧,૮૧૦.૭૯

**ફકરા નં. ૫**

ગ્રાન્ટ રજિસ્ટર અને વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ ગ્રાન્ટની સિલકોમાં તફાવત બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના ગ્રાન્ટના હિસાબોના રજિસ્ટરો અલગ – અલગ નિભાવવામાં આવેલ હતાં. યુનિવર્સિટી ગ્રાન્ટ રજિસ્ટર ઉપરથી તૈયાર કરવામાં આવેલ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રોના પત્રકો બનાવી રજિસ્ટારશ્રી તથા ડેવલપમેન્ટ ઓફીસરશ્રીની સહીઓ કરીને ઓડિટે રજુ કરવામાં આવેલ છે. સદર ગ્રાન્ટના પત્રકો યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો સાથે ચકાસતા પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબ ઉઘડતી સિલક ખર્ચ અને બંધ સિલકમાં ઘણો મોટો તફાવત જણાય છે.

સને ૨૦૦૯-૧૦ માં રાજય સરકાર, કેન્દ્ર સરકાર, યુ. જી. સી. ની ગ્રાન્ટ તેમજ અન્ય ગ્રાન્ટો ખાતે અનુક્રમે રૂ.૩,૯૨,૦૯,૨૫૩.૦૯, રૂ.૧૯,૫૮,૦૯૭.૬૨, રૂ.(-)૧૬,૮૬,૪૪૫.૯૮ અને ૧ રૂ.(-) ૬૭,૪૮૨.૮૬ નો તફાવત આવે છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટીના હિસાબો દ્વિ નોંધી નામા પધ્ધતિ મુજબ નિભાવી પાકુ સરવૈયુ તૈયાર કરેલ છે અને તેના ભાગરૂપે ગ્રાન્ટના પત્રકો બનાવી સામેલ રાખેલ છે. તે માટે ઉપર જણાવ્યા મુજબનો તફાવત આવવાના કારણો જણાવવા વિનંતી છે તથા વાર્ષિક હિસાબો સાથેના પત્રકો સાથે ગ્રાન્ટ રજિસ્ટરનું મેળવણું કરી સુધારેલા ગ્રાન્ટના પત્રકો રજુ કરવા જણાવવા છતાં રજુ થયેલ નથી.

(૨) ઓડિટમાં રજુ થયેલ સ્ટેટમેન્ટ જોતાં આગલા વર્ષના સ્ટેટમેન્ટ મુજબ બંધ સિલક ચાલુ વર્ષમાં ઉઘડતી સિલક દર્શાવવાની થાય છે. તેમ છતાં રજુ થયેલ સ્ટેટમેન્ટમાં ઉઘડતી સિલકમાં પરિશિષ્ટની વિગતે તફાવત જણાય છે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત થાય છે અને ગુજરાત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલ દ્વારા મંજુર થયેલ છે તેમજ ઓડિટ દ્વારા પણ વાર્ષિક હિસાબો પ્રમાણિત કરવાના રહેતા હોઇ તેમાં જુદી વિગતો દર્શાવતાં ગ્રાન્ટનાં પત્રકો માન્ય રાખી શકાય નહી.

(૩) સામેલ પરિશિષ્ટ ૧ મુજબ વાર્ષિક હિસાબોના પત્રકમાં તથા ગ્રાન્ટના પત્રકમાં ગ્રાન્ટની ઉઘડતી / બંધ સિલકમાં તફાવત જોવા મળેલ છે. આ તફાવત બાબતે મેળવણું કરી ઓડિટને આધારિત ખાત્રી નહીં કરાવતા સુધી વાર્ષિક હિસાબો પ્રમાણિત થઇ શકે નહિ તો આ બાબતે ઘટતુ કરવા વિનંતી છે.

પ્રા. વાં. નં. ૧૨૬, તા.૧૨-૩-૧૪ **નો સંસ્થાએ** જવાબ આપેલ **નથી.**

# પરિશિષ્ટ – ૧

## ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોના પત્રકમાં અને ગ્રાન્ટના પત્રકમાં દર્શાવેલ ઉઘડતી સિલક થયેલ ખર્ચ અને બંધ સિલકમાં આવતા તફાવતની વિગત દર્શાવતું પત્રક સને ૨૦૦૯-૧૦

| અ. નં. | ગ્રાન્ટનો પ્રકાર | હિસાબની વિગત | ઉઘડતી સિલક | મળેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | બંધ સિલક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર તરફથી મળેલ | વાર્ષિક હિસાબ મુજબ | ૩,૩૧,૩૭,૫૩૩.૦૪ | ૧૭૨૦૩૬૭૦૧.૫૦ | ૮૭૫૫૮૧૪ | ૧૯૬૪૧૮૪૨૦.૫૪ |
| | | ગ્રાન્ટ રજિ. મુજબ | -૭,૨૩,૪૬,૭૮૬.૧૩ | શુન્ય | શુન્ય | (-)૭૨૩૪૬૭૮૬.૧૩ |
| | | તફાવત | ૩,૯૨.૦૯,૨૫૩.૦૯ | | | |
| ૨ | કેન્દ્ર સરકાર તરફથી મળેલ | વાર્ષિક હિસાબ મુજબ | ૧,૨૯,૬૪,૩૩૩.૮૮ | ૫૧૭૬૯૪૬.૫૦ | ૩૩૮૩૭૦૪ | ૧૪૭૫૭૫૭૬.૩૮ |
| | | ગ્રાન્ટ રજિ. મુજબ | ૧,૧૦,૦૬,૨૩૬.૨૬ | શુન્ય | શુન્ય | ૧૧૦૦૬૨૩૬.૨૬ |
| | | તફાવત | ૧૯,૫૮,૦૯૭.૬૨ | | | |
| ૩ | યુ. જી. સી. તરફથી મળેલ | વાર્ષિક હિસાબ મુજબ | ૭,૯૮,૮૩,૯૬૫.૦૫ | ૫૩૯૦૭૫૩૬.૦૨ | ૫૩૯૦૭૫૩૬.૦૨ | ૭૯૮૮૩૯૬૫.૦૫ |
| | | ગ્રાન્ટ રજિ. મુજબ | ૮,૧૫,૭૦,૪૧૧.૦૩ | શુન્ય | શુન્ય | ૮૧૫૭૦૪૧૧.૦૩ |
| | | તફાવત | -૧૬૮૬,૪૪૫.૯૮ | | | |
| ૪ | અન્ય ગ્રાન્ટ | વાર્ષિક હિસાબ મુજબ | ૨૩,૦૨,૭૩૬.૭૩ | ૧૨૩૮૦૩૧.૯૩ | ૧૨૩૮૦૩૧.૯૩ | ૨૩૦૨૭૩૬.૭૩ |
| | | ગ્રાન્ટ રજિ. મુજબ | ૨૩,૭૦,૨૧૯.૫૯ | શુન્ય | શુન્ય | ૨૩૭૦૨૧૯.૫૯ |
| | | તફાવત | -૬૭,૪૮૨.૮૬ | | | |

ફકરા નં. ૬

શિષ્યવૃત્તિમાં ફાળવેલ રકમ કરતાં વધુ ચુકવણુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી શિષ્યવૃત્તિના રેકર્ડની ચકાસણી કરતાં કેટલીક યોજનામાં સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી શિષ્યવૃત્તિની રકમ કરતાં વધુ રકમની ચુકવણી થયાનું માલુમ પડેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | યોજના નં. | શિષ્યવૃત્તિનું નામ | ઉઘડતી સિલક | આવક | કુલ | ચુકવણું | બંધ સિલક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૯૦૧૦૨૨ | એસ.ઇ.બી.સી. | (-)૨૦૨૭૩૦ | ૨૪૨૬૩૦ | ૩૯૯૦૦ | ૨૨૨૨૩૦ | (-)૧૮૨૩૩૦ |
| ૨ | ૭૯૦૧૦૬૧ | હાયર એજ્યુ. | (-)૫૬૮૩૦ | --- | (-)૫૬૮૩૦ | --- | (-)૫૬૮૩૦ |

ઉપરોકત યોજનામાં ફાળવેલ શિષ્યવૃત્તિની રકમની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૧૦ માં પણ સરકારશ્રી તરફથી ફાળવેલ શિષ્યવૃત્તિની રકમ કરતાં વધુ રકમની ચુકવણી કરવામાં આવેલ છે. આમ, ઓડિટ વર્ષમાં ફાળવેલ સ્કોલરશીપની રકમ કરતાં વધુ રકમની ચુકવણી કરવા બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે. તેમજ આ વધુ રકમ કોને ચુકવવામાં આવેલ છે તેની વિગતો સાથેની વસુલાત કરી ઓડિટે આધારીત ખાત્રી કરાવવી ઘટે. જેના અનુસંધાને સંસ્થાના તા. ૨૪-૨-૧૪ ના પત્રથી સ્પષ્ટતા કરેલ કે અનું. નં. ૧ અને ૨ ની રકમ રૂ.૧૮૨૩૩૦/- અને ૫૬૮૩૦.૦૦ શરત ચુકથી જમા કરેલ જેની અસર તા ૩૧-૩-૧૨ ના રોજ અસર આપેલ છે. તેમ જણાવેલ આ પ્રકારની ભૂલનું પુનરાવર્તન ન થાય તેની સંસ્થાએ નોંધ લેવા ફકરો ચાલુ રાખવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૮૮, તા.૪-૨-૧૪ નો સંસ્થાએ જવાબ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહિ.

**ફકરા નં. ૭(અ)**

અગાઉના વર્ષોની પડતર સ્કોલરશીપની રકમ ન ચુકવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષનાં અન્વેષણ દરમ્યાન સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી સ્કોલરશીપના રેકર્ડની ચકાસણી કરતાં સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં બચત રહેલી સ્કોલરશીપની રકમ ઓડીટ વર્ષમાં ચુકવણી કર્યા સિવાય પડી રહેલ છે. સામેલ પરિશિષ્ટ -૨ માં અગાઉના વર્ષની બચત રહેલ રકમમાંથી નહિવત રકમનું ચુકવણું કરવામાં આવેલ છે. તેમ છતાં ઓડીટ વર્ષમાં દર્શાવેલ રૂ.૩૦૭૧૩૮/- સ્કોલરશીપની રકમનું કોઇ ચુકવણું કરવામાં આવેલ નથી. આમ, સરકારશ્રી તરફથી અગાઉના વર્ષમાં તથા ચાલુ વર્ષમાં ફાળવવામાં આવેલ સ્કોલરશીપની રકમનું કેવા સંજોગોમાં ચુકવણું કરવામાં આવેલ નથી. તેની સ્પષ્ટતા થવી ઘટે. આમ, સમયસર સ્કોલરશીપની ચુકવણી નહિ થવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે અને વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન સહાય આપવાનો ઉદ્દેશ સફળ થતો નથી. સરકારશ્રીના શિષ્યવૃત્તિ જે તે વર્ષ શરૂઆતમાં આપવાથી તેનો મુળભુત હેતુ જળવાય છે જયારે શિષ્યવૃત્તિ વર્ષ પુર્ણ થયા બાદ નહિ ચુકવી યુનિવર્સિટી દ્વારા બચત પડી રહેલ છે. જેથી વિદ્યાર્થીને હિતને અને યોજનાના હેતુને વિપરીત અસર પડેલ છે. જે બદલ જવાબદારી નક્કી કરી શિષ્યવૃત્તિ આપનાર સરકારી કચેરીના સક્ષમ અધિકારીનું ધ્યાન દોરવું અને વિદ્યાર્થીના નામજોગ એકાઉન્ટ પેઇ ચેકથી શિષ્યવૃત્તિ મેળવવા ઘટતુ કરવા ઓડિટ સુચન છે.

ગુજરાત લોકલ ફંડ અધિનિયમ ૧૯૬૩ ની કલમ - ૮ માં જણાવ્યા મુજબ આ ગંભીર અનિયમિતતા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

678

## પરિશિષ્ટ -૨

## અગાઉન વર્ષ એટલે કે સને ૨૦૦૯-૧૦ ના વર્ષની પડતર સ્કોલરશીપની ચુકવણી નહીં કરવા બાબત

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦

| અ. નં. | કોડ નંબર | સ્કોલરશીપનું નામ | ફેકલ્ટીનું નામ | ૨૦૦૯-૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ઉઘડતી સિલક | આવક | ચુકવેલ | બંધ સિલક |
| ૧ | ૭૯૦૧૦૧૯ | એસ. સી. એસ. ટી. | બી બી. એ. | ૬૮૯૩ | --- | --- | ૬૮૯૩ |
| ૨ | ૭૯૦૧૦૫૬ | નેશનલ મેરીટ | બી. કે. સ્કુલ | ૧૩૨૯૦ | --- | --- | ૧૩૨૯૦ |
| ૩ | ૭૯૦૧૦૪૮ | નેશનલ લોન | કોમર્સ | ૮૨૫ | --- | --- | ૮૨૫ |
| ૪ | ૭૯૦૧૦૫૭ | નેશનલ મેરીટ | કોમર્સ | ૬૩૪૨૦ | --- | --- | ૬૩૪૨૦ |
| ૫ | ૭૯૦૧૦૩૧ | એસ. ઇ. બી. સી. | ડી. પી. ઇ. | ૧૪૦૦૦ | --- | --- | ૧૪૦૦૦ |
| ૬ | ૭૯૦૧૦૭૬ | નેશનલ મેરીટ | કે. એસ. સ્કુલ | ૬૬૦ | --- | --- | ૬૬૦ |
| ૭ | ૭૯૦૧૦૪૩ | નેશનલ લોન | લેંગ્વેજ | ૩૩૯૦ | --- | --- | ૩૩૯૦ |
| ૮ | ૭૯૦૧૦૫૨ | નેશનલ મેરીટ | લેંગ્વેજ | ૨૬૦૨૦ | --- | --- | ૨૬૦૨૦ |
| ૯ | ૭૯૦૧૦૫૮ | નેશનલ મેરીટ | લો | ૩૦૦૦ | --- | --- | ૩૦૦૦ |
| ૧૦ | ૭૯૦૧૦૫૫ | નેશનલ મેરીટ | લાયબ્રેરી સાયન્સ | ૪૮૬૦ | --- | --- | ૪૮૬૦ |
| ૧૧ | ૭૯૦૧૦૫૩ | નેશનલ મેરીટ | ફીઝીયોલોજી | ૮૦૦૪૦ | --- | --- | ૮૦૦૪૦ |
| ૧૨ | ૭૯૦૧૦૪૫ | નેશનલ લોન | સાયન્સ | ૧૫૯૬૦ | --- | --- | ૧૫૯૬૦ |
| ૧૩ | ૭૯૦૧૦૫૧ | નેશનલ મેરીટ | સોશીયલ સાયન્સ | ૭૪૭૮૦ | --- | --- | ૭૪૭૮૦ |
| | | કુલ | | ૩૦૭૧૩૮ | ૩૨૯૪૫૫ | ૨૮૫૩૯૦ | ૩૦૭૧૩૮ |

679

**ફકરા નં. ૭(બ)**

વણવપરાયેલ સ્કોલરશીપ ઘણા લાંબા સમયથી પડી રહેવા બાબત તેમજ જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દ... ચકાસણી કરતાં હિસાબી સદર ૭૯૦૧૦૦ થી ૭૯૦૩ ૦૦૦ હેઠળ અમુક પ્રકા... રકમ ઘણા લાંબા સમયથી વણ વપરાયેલ પડી રહેલ હોવાનું જણાયેલ છે. સરકારશ્રીમાં જે તે સમયે જમા કરાવી દેવી જોઇએ સને ૨૦૦૯-૧૦ ના અંતે ની જમા પડી રહેલ હોવાનું ધ્યાને આવેલ છે.

| અ. નં. | હિસાબી કોડ | તારીખ | સ્કોલર શીપનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭૯૦૧૦૧૯ | ૪-૯૬ | બી. સી. સ્કો.શીપ બી. બી. એ. |
| ૨ | ૭૯૦૧૦૩૧ | ૪-૦૫ | ઇ.બી.સી. સ્કો. શીપ ડી. પી. ઇ. |
| ૩ | ૭૯૦૧૦૪૩ | -૨૦૦૦ | નેશનલ લોન સ્કો. યુ.એસ.જી. |
| ૪ | ૭૯૦૧૦૪૫ | ૪-૯૩ | !! — ——— -- યુ. એસ. સી. |
| ૫ | ૭૯૦૧૦૪૮ | ૪-૦૬ | !! — ——— -- યુ. એસ. વી. |
| ૬ | ૭૯૦૧૦૫૫ | ૪-૦૧ | !! --- રમેલ. આઇ. બી. એસ. સી. |
| ૭ | ૭૯૦૧૦૫૬ | ૪-૦૬ | !! - ————- બી. એમ. એસ. |
| ૮ | ૭૯૦૧૦૫૮ | ૪-૯૫ | !! — ———- યુ. એસ. લો. |
| ૯ | ૭૯૦૧૦૬૩ | ૪-૦૬ | અધર હેન્ડીકેપ સ્ટુડન્ટ સ્કો. શીપ |
| ૧૦ | ૭૯૦૧૦૬૫ | ૪-૦૬ | ફ્રી ઇન્ટરેસ્ટ લોન સ્કો. શીપ |
| ૧૧ | ૭૯૦૧૦૭૯ | ૪-૦૬ | નોન હેન્ડી. એસ. પી. કે. સ્કુ. સ્કો શીપ |
| ૧૨ | ૭૯૦૧૦૭ | ૪-૦૧ | નેશનલ મેરીટી સ્કો. શીપ કે. એસ સ્કુલ |
| ૧૩ | ૭૯૦૧૦ | ૪-૦૮ | જી. આર. એસ. ફ્લોસીપ |
| ૧૪ | ૭૯૦૧૦ | ૪-૦૯ | જી. આ ર. એસ.હોસ્ટેલ સ્કો. |
| ૧૫ | ૭૯૦૧ | ૪-૮૬ | જી. આર. એસ. એકટ ઝુલોજી |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | ૭૯૦૧૧૧૫ | ૧-૪-૯૨ | જી. આર. એસ. એકટ ઓફ હોસ્ટેલ જિ. બ્લોક | ૧૯૪૨૫૮.૧૨ |
| કુલ | | | | ૫૦૭૦૩૦.૧૭ |

આમ, ઉપરોકત વિગતે દર્શાવેલ રકમો ઘણા લાંબા સમયથી વણવપરાયેલ રકમ સંસ્થામાં પડી રહેલ હોઇ સત્વરે સરકારશ્રીમાં જમા કરાવી તેની રેકર્ડ આધારિત ખાત્રી ઓડિટે કરાવવી ઘટે.

સદરહું રકમ જે તે સમયે વિદ્યાર્થીઓને નહીં ચુકવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે. આમ રકમો નહીં વહેંચવવાને કારણે સરકારશ્રીનો મુળભુત હેતુ સચવાયેલ નથી. જે બાબતે જવાબદારથી સ્પષ્ટતા સહ પડી રહેલ રકમો સરકારશ્રીના પાકા સદરે જમા કરાવી ઓડિટે ખાત્રી કરાવવા જણાવવા છતાં ઓડિટ પુર્ણ થતાં સુધી ખાત્રી કરાવેલ નથી.

પ્રા. વાં. નં. ૬૯, નો સંસ્થાએ જવાબ કરેલ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**ફકરા નં. ૮**

રાજય સરકાર, યુ. જી. સી., કેન્દ્ર સરકાર તથા અન્ય ગ્રાન્ટો વણવપરાયેલ પડી રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ - ૩ માં દર્શાવ્યાં મુજબની ગ્રાન્ટો સને ૨૦૦૯-૧૦ ના અંતે જમા – ઉધાર સિલક રહેવા પામેલ છે. આ બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

૧. સામાન્ય રીતે પ્લાન યોજનાઓ સિવાયની તમામ યોજનાઓમાં જે તે વર્ષમાં મળેલ ગ્રાન્ટ જે તે વર્ષમાં જ ખર્ચ કરવાની જોગવાઇ થયેલ છે અને જે તે વર્ષમાં ખર્ચ ન થઇ શકે તો વર્ષના અંતે વધેલ રકમ સને ૨૦૦૯-૧૦ ની રૂ.૪૩૯૧૬૪૩૮.૦૫ સરકારશ્રીમાં જે તે સદરે પરત જમા કરાવવાની હોય છે. સંસ્થા દ્વારા ઉકત જોગવાઇનું પાલન કરેલ નથી.

૨. આમ સામેલ પરિશિષ્ટ – માં દર્શાવ્યા મુજબ સને ૨૦૦૯-૧૦ માં રૂ.૬૭૨૮૬૦૮૫.૯૫ નો કરેલ ખર્ચ ગ્રાન્ટ મળેલ ન હોવા છતાં કરી વાર્ષિક હિસાબમાં ગ્રાન્ટના ખર્ચ તરીકે ઉધારવામાં આવેલ છે. આમ, ગ્રાન્ટ ન મળેલ હોવા છતાં ખર્ચ કરેલ છે.

આમ મળેલ ગ્રાન્ટ કરતાં વધુ કરેલ ખર્ચની રકમની ગ્રાન્ટ ન મેળવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે અને વધુ થયેલ ખર્ચની રકમની ગ્રાન્ટ અગ્રતાના ધોરણે મેળવવા પ્રયાસો કરવા તથા માઇનસ સિલકની ગ્રાન્ટ મેળવવી અન્યથા ગ્રાન્ટ કરતાં વધુ ખર્ચ કરનાર જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

માયનસ સિલકની ગ્રાન્ટ સમયસર ન મેળવી શકવાને કારણે તેટલી રકમો અન્ય શૈક્ષણિક યોજનાઓના વિકાસના કામોમાં ઉપયોગ કરવામાં નિવારી શકાય નહી તેવો વિલંબ થવા પામેલ છે.

પ્રા. વા. નં. ૮૭, નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

## પરિશિષ્ટ – 3

### યુનિવર્સિટી વાર્ષિક હિસાબમાં વણ વપરાયેલ ગ્રાન્ટના પત્રકમાં જમા સિલકમાંથી ઉધાર સિલક બાદ કરી ચોખ્ખી જમા રકમ દર્શાવતું પત્રક

| અ.નં. | વિગત | સને ૨૦૦૮-૦૯ | | |
|---|---|---|---|---|
| | | કુલ જમા રકમ | કુલ ઉધાર રકમ | કુલ જમા રકમ |
| ૧ | રાજ્ય સરકારની વણ વપરાયેલ ગ્રાન્ટ | ૧૭૨૦૩૭૭૦૧.૫૦ | ૮૭૫૬૮૧૪.૦૦ | ૧૬૩૨૮૦૮૮૭.૫૦ |
| ૨ | મધ્યસ્થ સરકારની વણ વપરાયેલ ગ્રાન્ટ | ૫૧૭૬૯૪૬.૫૦ | ૩૩૮૩૭૦૪.૦૦ | ૧૭૯૩૨૪૨.૫૦ |
| ૩ | યુ. જી. સી. ની વણવપરાયેલ ગ્રાન્ટ | ૫૩૯૦૭૫૩૬.૦૨ | ૫૩૯૦૭૫૩૬.૦૨ | શુન્ય |
| ૪ | અન્ય ગ્રાન્ટમાંથી વણ વપરાયેલ ગ્રાન્ટ | ૧૨૩૮૦૩૧.૯૩ | ૧૨૩૮૦૩૧.૯૩ | શુન્ય |
| કુલ | | ૨૩૨૩૬૦૨૧૫.૯૫ | ૬૭૨૮૬૦૮૫.૯૫ | ૧૬૫૦૭૪૧૩૦.૦૦ |

682

## પ્રમાણપત્રો

### પ્રમાણપત્ર :૧

---

ગુજરાત યુનિવર્સિટીએ રજુ કરેલ અનુદાન પત્રક, રજુ કરેલ રજીસ્ટર અને પત્રકો સાથે ચકાસણી કરવામાં આવેલ. પરંતુ વાર્ષિક હિસાબોમાં સામેલ રાખેલ પત્રકોમાં તફાવત આવે છે.

### પ્રમાણપત્ર :૨

---

આ ઓડિટ નોંધમાં આગળ દર્શાવેલ ફકરાઓમાં જણાવેલ ટીકાઓને આધીન રહીને પ્રમાણિત કરવામાં આવે છે કે, ઓડિટ નોંધની સાથેના નોંધપત્રકમાં દર્શાવેલ યુનિવર્સિટીને ચુકવવામાં આવેલ અનુદાન સંબંધિત અનુદાનની શરતોને આધીન ચકાસવામાં આવી હતી અને ટીકાઓને આધીન જે હેતુ માટે મંજુર કરવામાં આવી હતી તે હેતુઓ માટે ઉપયોગમાં લેવાયેલ હોવાનું માલુમ પડયુ હતું.

### પ્રમાણપત્ર :3

---

આ ઓડિટ અહેવાલ મળ્યેથી તેનો પ્રથમ પુર્તતા અહેવાલ ચાર માસમાં આ કચેરીને મોકલી આપવા વિનંતી.

જનરલ ફંડ, અનુદાન અને ભવિષ્યનિધિના સંયુક્ત અન્વેષણથી ૧૩૦ પ્રા. વાંધા આપેલ હતા અને ૮૮ પ્રાથમિક વાંધાના જવાબો સંસ્થા તરફથી મળેલ હતા.

જિલ્લા સહાયક નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
અમદાવાદ

**સંયુક્ત નિરીક્ષક** (ભરૂઅ)
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર.

નિરીક્ષક 1. 9. 2016.
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજય,
અમદાવાદ

નકલ સાદર રવાના:-

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુ. રા., ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(3) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (મુખ્ય મથક) ' વીમા અને લેખા ભવન' બ્લોક નં. ૧૭ જુના સચિવાલય, ગાંધીનગર.

નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ
ગુજરાત રાજય,
ગાંધીનગર

# વાંધા વસુલાત પત્રક અનુદાન ફંડ

## ૨૦૦૯-૧૦

| અ.નં. | ફકરા નં. | વસુલાતપાત્ર રકમ | વાંધા હેઠળની રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| | | | | |
| | | Nil | | |
| | કુલ | | | |